

Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

(સોશ્યલ મિડીયા)

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર

Mo- 9016924808

સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-04, ISSUE- 10,(SURAT), DATE-26/08/2026, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૪, અંક-૧૦, (સુરત), તા.૨૬/૦૮/૨૦૨૬ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 અડાજણના અટલ આશ્રમમાં ૨૩૫૧ કિલોના પારદેશ્વર મહાદેવના દર્શને ભક્તો ઉમટ્યા

3 બિલ્ડિંગના નડતરરૂપ થતાં રાતોરાત કપાયાનો આરોપ, પાલિકાએ રૂ.૯૦ હજારનો દંડ ફટકારી સંતોષ માન્યો

4 શ્રી શાંતારામ ભટ ઇંગ્લિશ મિડિયમ સ્કૂલ મોતા ખાતે કવિ વીરનર્મદની જન્મ જયંતિની ઉજવણી


## સુરતમાં સ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા યુવા અભ્યુદય પર્વ યોજાયું:વિદ્વાન સંતોએ જીવન વિકાસ અને સમયના મહત્વ અંગે પ્રેરણાદાયી વક્તવ્યો આપ્યા







સુરત-શ્રાવણ માસ દરમિયાન ભક્તોના હૃદયમાં વ્રત, તપ, સંયમ, સમર્પણ, કથા શ્રવણ અને ભક્તિનો ઉલ્લાસ છવાયેલો રહે છે. આ પવિત્ર અવસરે સુરત-કામરેજ રોડ પર વાલક પાટીયા પાસે આવેલા જમનાબા વિદ્યાર્થી ભવનના કેશુભાઈ પટેલ ઓડિટોરીયમ ખાતે ૧૮ થી ૪૫ વર્ષના યુવાનો માટે સુરત શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા યુવા અભ્યુદય પર્વ નું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભે મહંત સ્વામી ધર્મવલ્લભદાસજી સ્વામી, પ્રભુ સ્વામી, રાકેશભાઈ દુધાત, શૈલેષભાઈ ગોટી અને ડો. પાધડાળ સહિતના મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે યુવાનોને આશીર્વાદ આપતાં મહંત સ્વામી ધર્મવલ્લભદાસજી સ્વામીએ જણાવ્યુ હતું કે, 'દરેક યુવાનમાં તપસ્વિતા, તેજસ્વિતા અને તત્પરતાના ગુણો હોવા જોઈએ.' કાર્યક્રમ દરમિયાન વેડરોડ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલના ત્રણ નવયુવાન વિદ્વાન સંતોએ યુવાનોને ઉપયોગી માર્ગદર્શન આપતા વક્તવ્યો રજૂ કર્યા હતા. શાસ્ત્રી ચૈતન્ય સ્વરૂપદાસજી સ્વામીએ 'ધ પાવર ઓફ ઓનરશીપ' વિષય પર બોલતા જણાવ્યું કે જ્યારે આપણે સમસ્યા ઉકેલવાની જવાબદારી બીજા પર ઢોળી દઈએ છીએ ત્યારે જ તે અઘરી લાગે છે. જવાબદારી સ્વીકારવાથી સમસ્યાનો ઉકેલ સરળ બને છે.

શાસ્ત્રી અચલ જીવનદાસજી સ્વામીએ 'ધ આર્ટ ઓફ યંગ હાર્ટ' વિષય પર વાત કરતા કહ્યું કે સતત પ્રયત્નોથી વ્યક્તિત્વનો વિકાસ થાય છે, નિસ્વાર્થ પ્રેમથી પરિવારમાં પૂર્ણતા આવે છે અને નિર્દોષ પ્રાર્થનાથી આધ્યાત્મિક ઉન્નતિ થાય છે. શાસ્ત્રી વિરક્ત જીવનદાસજી સ્વામીએ 'સમયથી સફળતા સુધી' વિષય પર પ્રકાશ પાડતા જણાવ્યું કે કરોડો રૂપિયા આપવા છતાં વીતેલી એક સેકન્ડ પણ પાછી મળતી નથી. સમય અમૂલ્ય છે અને તેનું એક્સચેન્જ થઈ શકતું નથી.

કાર્યક્રમના અંતે ઉપસ્થિત સંતો પ્રભુ સ્વામી, ભક્તિતનય સ્વામી, દિવ્ય સ્વામી, શાસ્ત્રી મંગલ સ્વામી, કૃષ્ણસેવાદાસ સ્વામી, જ્ઞાન પ્રકાશ સ્વામી અને નીલકંઠ સ્વામી વગેરે સંતોએ યુવાનોને રક્ષાબંધનનું સૂત્ર બાંધ્યું હતું. આ પર્વને સફળ બનાવવા માટે ચિરાગભાઈ રામાણી, રાહુલભાઈ રફાળીયા, પંકજભાઈ ડાવરા, ઉજાસભાઈ દેસાઈ, વિપુલભાઈ ગોહિલ, અશ્વિનભાઈ બરવાળીયા અને અન્ય કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવી હતી, જે બદલ સંતો અને યુવાનોએ તેમને બિરદાવ્યા હતા.

બારડોલીના મયુર પરમારની કંપની સન્માનિત

## માંડવી SDPO ઓફિસના રિનોવેશન બદલ પોલીસ વિભાગે બહુમાન કર્યું



બારડોલી- બારડોલીના યુવાન મયુર પરમારની કંપની હસલત ઇન્ફ્રાસ્ટ્રક્ચરને માંડવી SDPO ઓફિસના રિનોવેશન માટે પોલીસ વિભાગ દ્વારા સન્માનિત કરવામાં આવી છે. આ કંપનીએ બાંધકામ અને ઇન્ટિરિયર ડિઝાઇન ક્ષેત્રે પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. સુરત ગ્રામ્ય પોલીસ હેઠળ આવતી માંડવી SDPO (સબ ડિવિઝનલ પોલીસ ઓફિસર) ઓફિસના રિનોવેશન અને ઇન્ટિરિયર ડિઝાઇનની કામગીરી હસલત ઇન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી.

આ સફળ કામગીરી બદલ હસલત ઇન્ફ્રાસ્ટ્રક્ચરના સ્થાપક મયુર પરમાર અને તેમની ટીમને પોલીસ વિભાગ દ્વારા વિશેષ સન્માન પત્ર આપી બહુમાન કરવામાં આવ્યું.

આ સિદ્ધિ કંપની માટે એક મોટો માઇલસ્ટોન સાબિત થઈ છે, જેણે કોઈ મોટા સહારા વગર માત્ર મહેનત અને આત્મવિશ્વાસથી શરૂઆત કરી હતી. માંડવી SDPO ઓફિસની કાયાપલટમાં આપેલા અમૂલ્ય યોગદાન બદલ ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ, સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ તથા આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ ના હસ્તે મયુર પરમારને પ્રશસ્તિપત્ર એનાયત કરાયો હતો.

આ પ્રસંગે મયુર પરમારે જણાવ્યું હતું કે, આ સન્માન માત્ર એક એવોર્ડ નથી પરંતુ તેમની આખી ટીમની દિવસ-રાતની અથાક મહેનતનું પરિણામ છે.

## ૨૬ થી ૩૧ ઓગસ્ટ દરમિયાન આ રાજયોમાં તૂટી પડશે ભારે વરસાદ



ઝારખંડમાં બનેલા લો-પ્રેશરને કારણે દેશભરમાં આગામી દિવસોમાં વરસાદી માહોલ રહેશે. ૨૬ ઓગસ્ટથી ઉત્તર, પૂર્વ અને મધ્ય ભારતમાં ભારે વરસાદ, ગાજવીજ અને તેજ પવનની શક્યતા છે. ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદનું એલર્ટ છે. મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશના કેટલાક વિસ્તારોમાં પૂરનો ભય છે, જ્યારે ગુજરાતમાં હળવો વરસાદ રહેશે.

ઝારખંડ અને આસપાસના વિસ્તારોમાં સર્જાયેલા લો-પ્રેશર એરિયાની સીધી અસર હેઠળ દેશભરમાં આગામી દિવસોમાં વરસાદી માહોલ જામવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ૨૬ ઓગસ્ટથી ઉત્તર, પૂર્વ અને મધ્ય ભારતના વિવિધ રાજયોમાં ભારે વરસાદનું જોર વધશે. આ સમયગાળા દરમિયાન ગાજવીજ, વીજળીના કડાકા અને તેજ પવન ફૂંકાવાની વકી છે.

## રાજયપાલ દેવવ્રત ટીંબરવા ગામ પહોચ્યા પ્રાકૃતિક કૃષિ, કન્યા કેળવણી પર ગ્રામજનો સાથે સંવાદ કર્યો



**બારડોલી-** રાજયપાલ આચાર્ય દેવવ્રતે બારડોલી તાલુકાના ટીંબરવા ગામની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે ગામના ચોકમાં રાત્રિ સભા યોજી ગ્રામજનો સાથે સંવાદ કર્યો હતો. તેમણે કન્યા કેળવણી, પ્રાકૃતિક કૃષિ, ગૌ સંવર્ધન, સ્વચ્છતા, પર્યાવરણ જતન, જળસંચય, જીવનમૂલ્યો અને સામાજિક સમરસતા જેવા મહત્વના વિષયો પર વિસ્તૃત ચર્ચા કરી હતી.

રાત્રિ સભાને સંબોધતા રાજયપાલે બાળકોને દેશનું ભવિષ્ય ગણાવ્યા હતા. તેમણે 'દીકરો-દીકરી એક સમાન'ના સંકલ્પ સાથે બાળકોને ભણતર અને ઉછેરમાં સમાનતા અપનાવવા ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે દીકરા અને દીકરી બંનેને ઉચ્ચ શિક્ષણ આપી સમાન તકો પૂરી પાડવી જોઈએ.

જાતિગત ભેદભાવો ભૂલીને માનવતાને વ્યાપક બનાવવાની અપીલ સાથે, તેમણે ઉપસ્થિત જનમેદનીને વ્યસનોથી દૂર રહેવા આહવાન કર્યું હતું. રાજયપાલે કહ્યું કે 'સંગ તેવો રંગ' ન્યાયે, કુસંગી મિત્રોના કારણે બાળક વ્યસન અને દુર્વ્યવહારના માર્ગે ચડીને જીવન બરબાદ કરી શકે છે. આથી, બાળકોની રહેણીકરણી અને વર્તન વ્યવહાર પર નજર રાખવી એ માતાપિતાની જવાબદારી છે.

રાજયપાલે હરિયાણાના કુરુક્ષેત્ર સ્થિત ગુરુકુલમાં રાસાયણિક ખેતી છોડી પ્રાકૃતિક કૃષિ અપનાવ્યાના પોતાના અનુભવો વર્ણવ્યા હતા. તેમણે જણાવ્યું કે પશુપાલન વિના ખેતી 'પ્રાકૃતિક' બની શકે નહીં, તેથી પ્રાકૃતિક ખેતી માટે ગૌપાલન અને પશુપાલન અનિવાર્ય છે. ગાયને તેમણે ખરા અર્થમાં આપણી જનની ગણાવી હતી. સરદાર પટેલની કર્મભૂમિ બારડોલી તાલુકાની આ પવિત્ર ભૂમિ ખૂબ જ ફળદ્રુપ છે અને અહીં પ્રાકૃતિક ખેતી માટે અપાર સંભાવનાઓ છે. તેમણે કહ્યું કે આજે રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના અતિશય ઉપયોગને કારણે જમીનની ફળદ્રુપતા નષ્ટ થઈ રહી છે, ત્યારે તમામ ખેડૂતોએ જાગૃત થવું એ સમયની માંગ છે.

પ્રાકૃતિક ખેતપેદાશો સંપૂર્ણપણે રસાયણમુક્ત અને સ્વાસ્થ્ય માટે ઉત્તમ હોય છે. રાજયપાલે જણાવ્યું કે ખેડૂતો પોતાના ઘરવપરાશના શાકભાજીથી શરૂઆત કરીને ધીમે-ધીમે પોતાના સમગ્ર ખેતરમાં પ્રાકૃતિક કૃષિ અપનાવી શકે છે. તેમણે દેશી ગૌ-આધારિત કૃષિ તરફ વળવા પર ભાર મૂક્યો હતો અને ગાયોની સુધારેલી નસલ અંગેના પોતાના પ્રેરક અનુભવો પણ ગ્રામજનો સાથે શેર કર્યા હતા.

વધુમાં, રાજયપાલે કહ્યું કે બાળકો સાથે માતા-પિતાએ મિત્રતાભર્યો વ્યવહાર રાખવો જોઈએ.






## શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરી ટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા ૭૮૦ મો આઈ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું





**બારડોલી-** શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરી ટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા સંચાલિત શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે તા. ૨૧/૦૮/૨૦૨૬ ને શુક્રવાર ના રોજ ૭૮૦ માં આઈ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા મોતિયા ના ઓપરેશનો લેન્સ સાથે નીઃ શુલ્ક કરવામાં આવ્યા. તેમજ દર્દી તથા તેમના સગા ને ભોજન (નારાયણ સેવા) નિતેશ અને નિમેશ પ્રમોદભાઈ મિસ્ત્રી તથા પરિવાર, મુ. પો. અસ્તાન, બારડોલી (UK) તરફ થી કરાવવામાં આવ્યું.

શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે આંખ વિભાગ, દાંત વિભાગ અને ફિજિયો થેરાપી વિભાગ સવારે ૯.૦૦ થી ૫.૦૦ ચાલે છે અને સીવણ તથા બ્યુટી પાર્લર ના કલાસ વિના મૂલ્યે ચલાવવામાં આવે છે અને યોગા ક્લાસ સવારે ૬ થી ૭ ના સમય ગાળા દરમિયાન ચાલે છે. બધી જ સારવાર એકદમ ફ્રી માં કરવામાં આવે છે. જરૂરિયાત મંદ લોકો ને લાભ લેવા વિનંતિ.







ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA

(WEEKLY)-SURAT

### શ્રાવણનો બીજો સોમવાર, સુરતમાં 'હર હર મહાદેવ'નો નાદ ગૂંજયો

# અડાજણના અટલ આશ્રમમાં ૨૩૫૧ કિલોના પારદેશ્વર મહાદેવના દર્શને ભક્તો ઉમટ્યા



સુરત- પવિત્ર શ્રાવણ માસના બીજા સોમવારે સુરતના શિવાલયો 'હર હર મહાદેવ' અને 'બમ બમ ભોલે'ના નાદથી ગૂંજી ઊઠ્યા હતા. વહેલી સવારથી જ શહેરના તમામ મહાદેવ મંદિરોમાં દર્શનાર્થે ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી. ખાસ કરીને દૂર-દૂરના ગ્રામ્ય વિસ્તારોમાંથી શ્રદ્ધાળુઓ પરંપરા મુજબ કેવડો લઈને પગપાળા શિવાલયો તરફ નીકળ્યા હતા. ભક્તોએ દૂધ, જળ, બિલીપત્ર અને કેવડાનો મહાઅભિષેક કરીને દેવાધિદેવ મહાદેવને પ્રસન્ન કરવા માટે વિશેષ પ્રાર્થના કરી હતી.

શ્રાવણના આ પાવન પર્વે દિવ્ય ભાસ્કર ડિજિટલની ટીમે અડાજણ વિસ્તારમાં આવેલા પ્રખ્યાત અટલ આશ્રમ સ્થિત પારદેશ્વર મંદિરની મુલાકાત લીધી હતી. આ મંદિરની સૌથી મોટી વિશેષતા અહીં સ્થાપિત ૨૩૫૧ કિલો વજન ધરાવતું વિશાળ પારાનું શિવલિંગ છે. વિજ્ઞાન અનુસાર પારો પ્રવાહી સ્વરૂપે હોય છે અને તેને ઘન આકાર આપી શિવલિંગનું સ્વરૂપ આપવું અત્યંત જટિલ અને કઠિન કાર્ય માનવામાં આવે છે, જે અહીં સાકાર થયેલું જોવા મળે છે.

આ અનોખા શિવલિંગના નિર્માણ પાછળ અટલ આશ્રમના મહંત બટુકગીરી બાપુ તેમજ ભક્તોની અથાક ભક્તિ જોડાયેલી છે. તેમણે સતત ૨ વર્ષની ભારે જહેમત અને કઠિન પરિશ્રમ બાદ આ ૨૩૫૧ કિલોના પારાના શિવલિંગને તૈયાર કરી વિધિવત પ્રસ્થાપિત કર્યું હતું. ધાર્મિક શાસ્ત્રો અને લોકમાન્યતા મુજબ પારાના શિવલિંગની પૂજા-અર્ચના કરવાથી તમામ મનોકામનાઓ પૂર્ણ થાય છે અને અત્યંત વિશેષ પુણ્યફળ પ્રાપ્ત થાય છે, જેના દર્શનાર્થે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટ્યા હતા.

### વ્યારામાં તહેવારો પહેલાં શાંતિ સમિતિની બેઠક

# DYSPના અધ્યક્ષસ્થાને કાયદો-વ્યવસ્થા જાળવવા પોલીસ-આગેવાનો વચ્ચે ચર્ચા





તાપી (વ્યારા)- વ્યારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આગામી રક્ષાબંધન, જન્માષ્ટમી, ગણેશ ઉત્સવ અને ઈદે મિલાદ જેવા તહેવારો શાંતિપૂર્ણ માહોલમાં ઉજવાય તથા કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વિસ્તારના આગેવાનો અને શાંતિ સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકનું આયોજન નાયબ પોલીસ અધિક્ષક પ્રમોદ નરવાડે, વ્યારા-ડિવિઝનના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું. તહેવારો દરમિયાન મોટી સંખ્યામાં લોકો એકત્રિત થવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને સુરક્ષા અને વ્યવસ્થાના પાસાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

પોલીસ દ્વારા તહેવારો શાંતિપૂર્ણ રીતે ઉજવાય અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. ખાસ કરીને ગણેશ ઉત્સવના સ્થાપના અને વિસર્જન સમયે ભીડ નિયંત્રણ, ટ્રાફિક વ્યવસ્થા અને સુરક્ષાને લઈને વિશેષ ચર્ચા થઈ હતી.

આગેવાનો અને શાંતિ સમિતિના સભ્યોને પોલીસ સાથે સહયોગ કરવા અને વિસ્તારમાં શાંતિ જાળવવા માટે તકેદારી રાખવા જણાવાયું હતું. બેઠકમાં પોલીસ અને સ્થાનિક આગેવાનો વચ્ચે સંકલન જાળવી રાખવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. પોલીસે કોઈપણ પ્રકારની અફવાઓથી દૂર રહેવા અને શાંતિપૂર્ણ રીતે તહેવારોની ઉજવણી કરવા અપીલ કરી હતી.

## છાપટીથી જામલી ધામ કાવડયાત્રા શાંતિપૂર્ણ સંપન્ન:શિવભક્તોએ હર હર મહાદેવના નાદ સાથે જલાભિષેક કર્યો



ઉચ્છલ, તાપી- છાપટી શિવજી મંદિરથી દેવ ડુંગર, જામલી ધામ સુધીની કાવડયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ છે. 'હર હર મહાદેવ' અને 'બોલ બમ'ના જયઘોષથી સમગ્ર પંથક શિવમય બન્યું હતું.આજે સવારે છાપટી સ્થિત શિવજી મંદિર ખાતેથી કાવડયાત્રાનું પ્રસ્થાન થયું હતું. મોટી સંખ્યામાં શિવભક્તો કેસરિયા વસ્ત્રો ધારણ કરીને ખભે કાવડ ઉપાડીને પદયાત્રામાં જોડાયા હતા.

આ કાવડયાત્રા નિર્ધારિત માર્ગ પરથી પસાર થઈને દેવ ડુંગર, જામલી ધામ પહોંચી હતી. અહીં પહોચ્યા બાદ શ્રદ્ધાળુઓએ શિવલિંગ પર જલાભિષેક કર્યો હતો અને પરિવાર તથા ક્ષેત્રની સુખ-શાંતિ માટે પ્રાર્થના કરી હતી.આ ભવ્ય આયોજનને સફળ બનાવવા માટે ગામના વડીલો, યુવાનો અને આયોજક મંડળના હોદ્દેદારોએ જહેમત ઉઠાવી હતી. યાત્રા દરમિયાન શ્રદ્ધાળુઓ માટે રસ્તામાં વિશેષ વ્યવસ્થાઓ પણ કરવામાં આવી હતી.

કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સમગ્ર રૂટ પર ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું, જેના પરિણામે આખી યાત્રા કોઈપણ અનિચ્છનીય બનાવ વિના શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ હતી. આ આયોજનથી ગ્રામજનો અને શિવભક્તોમાં આનંદ અને સંતોષ જોવા મળ્યો.

## ભાયલી સામૂહિક દુષ્કર્મ કેસમાં સજા અંગે કોર્ટમાં દલીલો પૂર્ણ : પાંચેય આરોપી દોષિત : ૩૧ ઓગસ્ટે કોર્ટ ચુકાદો જાહેર કરે તેવી શક્યતા



વડોદરાના ચકચારી ભાયલી સામૂહિક દુષ્કર્મ કેસમાં પાંચેય આરોપીઓને કોર્ટે દોષિત ઠેરવ્યા છે. ૨૫ ઓગસ્ટે સજા અંગે બંને પક્ષની દલીલો પૂર્ણ થઈ હતી. સરકારી પક્ષે આજીવન કેદની સજાની માંગ કરી છે. ૪ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ નવરાત્રી દરમિયાન ભાયલીમાં ૧૬ વર્ષીય સગીરા પર આ દુષ્કર્મ થયું હતું. હવે ૩૧ ઓગસ્ટે વધુ સુનાવણી બાદ સજાનો ચુકાદો જાહેર થશે.

રાજ્યભરમાં ચકચાર જગાવનારા ભાયલી સામૂહિક દુષ્કર્મ કેસમાં તમામ પાંચ આરોપીઓને કોર્ટ અગાઉ સામૂહિક દુષ્કર્મના ગુનામાં દોષિત ઠેરવી ચૂકી છે. આરોપીઓને કેટલી સજા કરવી તે અંગે આજે, ૨૫ ઓગસ્ટે, કોર્ટમાં બંને પક્ષની દલીલો સાંભળવામાં આવી હતી. સરકારી પક્ષે કેસની ગંભીરતાને ધ્યાને લઈ આરોપીઓને જીવે ત્યાં સુધીના અંતિમ શ્વાસ સુધીની સજા ફટકારવાની માગ કરી છે. સરકારી પક્ષે દલીલ કરી હતી કે તપાસ એજન્સી દ્વારા કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં આવ્યો છે અને ગુનાની ગંભીરતા તથા ઘટનાની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને આરોપીઓને કડકમાં કડક સજા થવી જોઈએ. સજા અંગેની દલીલો પૂર્ણ થઈ ગઈ છે. હવે કોર્ટ દ્વારા ૩૧ ઓગસ્ટે વધુ સુનાવણી હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે અને ત્યારબાદ સજા અંગેનો ચુકાદો જાહેર થવાની શક્યતા છે. ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા કેસમાં મુખ્ય સરકારી વકીલ તરીકે અનિલ દેસાઈ ઉપરાંત સ્પેશ્યલ સરકારી વકીલ તરીકે શૈલેષ પટેલ તથા સુરતના ડીજીપીની પણ નિમણૂક કરવામાં આવી હતી. હવે સજા અંગેની દલીલો પૂર્ણ થયા બાદ ૩૧ ઓગસ્ટની સુનાવણી પર સમગ્ર રાજ્યની નજર રહેશે.

આ ચકચારી ઘટના ૪ ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ નવરાત્રીના બીજા નોરતે રાત્રિના સમયે ભાયલી વિસ્તારમાં બની હતી. ૧૬ વર્ષીય સગીરા તેના મિત્ર સાથે ભાયલી-બીલ ટીપી રોડ પર આવેલી અવાવરું જગ્યાએ બેઠી હતી. દરમિયાન બે મોટરસાઇકલ પર પાંચ આરોપીઓ ત્યાં પહોંચ્યા હતા. આરોપીઓએ સગીરાના મિત્રને બંધક બનાવી તેની સાથે મારપીટ કરી હતી. ત્યારબાદ ત્રણ આરોપીઓએ સગીરા પર સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. આરોપીઓએ સગીરાના મિત્રની હાજરીમાં જ આ કૃત્ય આચર્યું હતું. બાદમાં સગીરાના મિત્રનો મોબાઇલ ફોન લૂંટી આરોપીઓ ફરાર થઈ ગયા હતા, જેથી તે તાત્કાલિક મદદ માગી ન શકે.

ઘટના બાદ પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને ઈઈઝટ ફૂટેજના આધારે આરોપીઓ સુધી પહોંચવા તપાસ હાથ ધરી હતી. તપાસના આધારે મુખ્ય આરોપી મુમતાઝ ઉર્ફે આફતાબ સુબેદાર બનજારા, મુન્ના અબ્બાસ બનજારા અને શાહરૂખ કિસ્મતઅલી બનજારા ઉપરાંત મદદગારી કરનાર સૈફઅલી બનજારા અને અજમલ બનજારાની ધરપકડ કરવામાં આવી હતી.

# અંકલેશ્વર નજીકના શિયાલીમાં બર્ફાની બાબાની પ્રતિકૃતિ



અંકલેશ્વર-અંકલેશ્વર નજીક આવેલા શિયાલી ગામ સ્થિત જ્ઞાનયોગ દર્શન આશ્રમ ખાતે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે બર્ફાની બાબાની પ્રતિકૃતિનું નિર્માણ કરવામાં આવ્યું છે. અમરનાથ ગુફામાં બિરાજમાન બરફના શિવલિંગ જેવી આ પ્રતિકૃતિના દર્શન કરવા શિવભક્તો ઉમટી રહ્યા છે.

કાવેરી નદીના કિનારે આવેલા આ આશ્રમમાં છેલ્લા ઘણા વર્ષોથી શ્રાવણ માસ અને મહાશિવરાત્રિના પર્વ નિમિત્તે બર્ફાની બાબાની પ્રતિકૃતિ બનાવવાની પરંપરા રહી છે. આ સ્થળે વિવિધ તહેવારોએ ભક્તોની ભીડ જોવા મળે છે. હાલ પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થતાં જ મંદિરના મહંત દ્વારા આ પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવી છે. શિવભક્તો માટે દર્શનાર્થે તેને ખુલ્લી મૂકવામાં આવી છે, જેથી તેઓ આ દિવ્ય દર્શનનો લાભ લઈ શકે. સુરત, વડોદરા, અમદાવાદ સહિત ભરૂચ અને અંકલેશ્વરના ભક્તો બર્ફાની બાબાના દર્શન કરવા અહીં આવી રહ્યા છે. જે ભક્તો અમરનાથ યાત્રાએ જઈ શકતા નથી, તેઓ શિયાલી ખાતે આ બર્ફાની બાબાના દર્શન કરીને ધન્યતા અનુભવી રહ્યા છે.

### મિસફાયરિંગ કેસમાં PSIના સસ્પેન્શનની તૈયારીઓ

## પી. એચ. મકવાણાને તાત્કાલિક અસરથી બદલી કરી હેડક્વાર્ટરમાં મુકાયા, ઈજાગ્રસ્ત અરવિંદભાઈ હજુ પણ સારવાર હેઠળ

સુરત-સુરતના નાના વરાછા વિસ્તારમાં પોલીસ ચોકીમાં સર્વિસ પિસ્ટલમાંથી થયેલા મિસફાયરિંગ કેસમાં આખરે ખાતાકીય કાર્યવાહી શરૂ થઈ ગઈ છે. સર્વિસ રિવોલ્વરમાંથી છૂટેલી ગોળીએ ૧૩૦ ફૂટ દૂર ઉભેલા નિર્દોષ લારીવાળાને વીંધી નાખવાની ગંભીર ઘટના બાદ વિવાદમાં આવેલા PSI પી. એચ. મકવાણાની તાત્કાલિક અસરથી હેડક્વાર્ટર ખાતે બદલી કરી દેવામાં આવી છે. આ મામલે હાલ તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે અને રિપોર્ટ બાદ તેમને સસ્પેન્ડ કરવામાં આવે તેવી પૂરી શક્યતા છે.

નાના વરાછા પોલીસ ચોકીમાં ફરજ બજાવતા PSI પી.એચ.મકવાણા પોતાની લોડેડ ૯ mm સરકારી ગ્લોક પિસ્ટલ સંભાળી રહ્યા હતા ત્યારે અચાનક ફાયરિંગ થયું હતું. આ ફાયરિંગ દરમિયાન એક ગોળી ચોકીમાં મુકેલા ૫ લિટરના પાણીના જગ સાથે અથડાઈને બહાર નીકળી ગઈ હતી અને આશરે ૧૨૫ થી ૧૩૦ ફૂટ દૂર લારી ચલાવતા ૪૫ વર્ષીય અરવિંદભાઈ અંબુભાઈ પટેલના પેટની આરપાર નીકળી ગઈ હતી. ઘટનાને પગલે લોહીલુહાણ હાલતમાં અરવિંદભાઈને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં તેઓ હજુ પણ સારવાર હેઠળ છે.

ચોંકાવનારી વિગત એ પણ સામે આવી છે કે પિસ્ટલમાંથી એક ગોળી છૂટ્યા બાદ બીજી ગોળી પિસ્ટલના બેરલમાં જ ફસાઈ ગઈ હતી. ફાયરિંગ કોઈ ટેકનિકલ ખામીથી થયું કે પછી ઘોર બેદરકારીના કારણે થયું તે ચોક્કસ કારણ જાણવા માટે હથિયારને તાત્કાલિક ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યું છે.

નિર્દોષ નાગરિકનો જીવ જોખમમાં મુકનાર PSI મકવાણા વિરુદ્ધ પોલીસે આર્મ્સ એક્ટની કલમ ૧૨૫ (B) હેઠળ ગુનો દાખલ કર્યો છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓએ સમગ્ર મામલાની ખાતાકીય ઇન્ક્વાયરીના આદેશ આપ્યા છે. પ્રાથમિક પગલાં રૂપે PSIની હેડક્વાર્ટરમાં બદલી કરવામાં આવી છે અને તપાસ પૂર્ણ થયા બાદ તેમના સસ્પેન્શનનો ઓર્ડર બહાર પડે તેવી શક્યતા સેવાઈ રહી છે.

### સુરતમાં ઉત્તરપ્રદેશના ૧૦ હજાર યુવાનોને અપાશે ટ્રેનિંગ-રોજગારી

## મહારાષ્ટ્રમાં રિક્ષાચાલકોને મરાઠી શીખવવાના વિવાદ વચ્ચે ગુજરાતની અનોખી પહેલ, SGCCI અને UP સરકાર વચ્ચે MOU




સુરત- હાલ એક તરફ પડોશી રાજય મહારાષ્ટ્રમાં ભાષાવાદનો મુદ્દો જોર પકડી રહ્યો છે અને ઓટો રિક્ષા ચાલકો માટે મરાઠી શીખવી ફરજિયાત બનાવી તેમને તાલીમ આપવાના નિર્ણયો પર વિવાદ છેડાયો છે, ત્યારે બીજી તરફ ભાષાવાદના આ તમામ વિવાદોથી એકદમ દૂર રહીને ગુજરાતના સુરત શહેરે દેશભરને સાચા વિકાસ અને એકતાનો અનોખો પાઠ ભણાવ્યો છે. ઔદ્યોગિક પાટનગર ગણાતું ગુજરાત હંમેશા દરેક રાજયના લોકોને આવકારતું રહ્યું છે. ટેક્સટાઈલ, લેબગ્રોન ડાયમંડ અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં વર્ષોથી લાખો પરપ્રાંતીય શ્રમિકો શ્રમદાન કરી રહ્યા છે, ત્યારે સુરતે હવે ઉત્તર પ્રદેશના ૧૦ હજાર યુવાનોને સ્કિલ ટ્રેનિંગ આપીને પોતાના ઉદ્યોગોમાં રોજગારી આપવાની ઐતિહાસિક પહેલ હાથ ધરી છે.

રધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ઉત્તર પ્રદેશ સરકારના શ્રમ તેમજ રોજગાર વિભાગ વચ્ચે એક મહત્વપૂર્ણ સમજૂતી કરાર કરવામાં આવ્યા છે. આ ભાગીદારી હેઠળ SGCCI દ્વારા વિશેષ ટ્રેનિંગ વર્કશોપ અને કેપેસિટી બિલ્ડિંગ પ્રોગ્રામ્સ ચલાવવામાં આવશે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય ઉત્તર પ્રદેશના ૧૦ હજાર યુવાનોને સ્થાનિક ઉદ્યોગોની જરૂરિયાત મુજબ ટેકનિકલ અને પ્રેક્ટિકલ તાલીમ આપીને સક્ષમ બનાવવાનો છે, જેથી સુરતના કપડા, હીરા અને મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગોને કાયમી ધોરણે કુશળ માનવબળ મળી રહે.

આ તમામ યુવાનોના સ્કિલ ડેવલપમેન્ટ માટે સુરતના નાનપુરા ખાતે સ્થિત ચેમ્બર ઓફ કોમર્સના સેન્ટર તેમજ ઞડ઼ સરકારના કેન્દ્રોનો ઉપયોગ કરવામાં આવશે. આ ઉપરાંત સાઉથ ગુજરાતની ઈન્ડસ્ટ્રીઝ સાથે મળી ૩ મહિનાના નાના-નાના એપ્રેન્ટિસ પ્રોગ્રામ્સ પણ ચલાવવામાં આવશે. આગામી ૨ વર્ષની અંદર અથવા તેનાથી પણ ઓછા સમયમાં આ ૧૦ હજાર લોકોને સંપૂર્ણ તાલીમબદ્ધ કરીને સુરત અને સમગ્ર દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક એકમોમાં સ્થાયી કરવાનો સ્પષ્ટ ટાર્ગેટ રાખવામાં આવ્યો

### જંબુસર-દહેજ વચ્ચે ડોલિયા-દેણવા બ્રિજ ખુલ્લો મુકાયો

## ઢાઢર નદી પર રૂ.૬૬ કરોડના ખર્ચે બ્રિજનું નિર્માણ, ધારાસભ્યએ લોકાર્પણ કર્યું



જંબુસર, ભરૂચ- જંબુસર-દહેજ વચ્ચેના ડોલિયા-દેણવા બ્રિજનું ધારાસભ્ય દેવકિશોર સ્વામીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું છે. ઢાઢર નદી પર રૂ. ૬૬ કરોડના ખર્ચે બનેલો આ બ્રિજ ૩૫ કિલોમીટરનો ફેરો ઘટાડશે, જેનાથી રોજગારી અને વાહનવ્યવહારમાં મોટો લાભ મળશે. આ બ્રિજ જંબુસરના બ્લોક ડ્રગ પાર્ક વિસ્તારને દહેજ સાથે સીધા અને ઝડપી માર્ગે જોડવામાં મહત્વપૂર્ણ કડી સાબિત થશે. દેણવા અને ડોલિયા ગામ વચ્ચે નિર્માણ પામેલો આ બ્રિજ આશરે ૭૨૦ મીટર લાંબો અને ૧૧ મીટર પહોળો છે.

બ્રિજ કાર્યરત બનતા જંબુસર, આમોદ તેમજ વાગરા તાલુકાના અનેક ગામોના લોકોને આવાગમનમાં મોટી સુવિધા મળશે. ખાસ કરીને દહેજ ઔદ્યોગિક વિસ્તાર સાથે જોડાયેલા કામદારો, વેપારીઓ, વિદ્યાર્થીઓ અને અન્ય મુસાફરોને લાંબા સમયથી પડતી મુશ્કેલીમાં રાહત મળશે.

હાલમાં દહેજ તરફ જવા માટે લોકોને લાંબો માર્ગ કાપવો પડતો હોવાથી સમય અને ઇંધણનો વધારાનો ખર્ચ થતો હતો. નવા બ્રિજથી આશરે ૩૫ કિલોમીટર જેટલો ફેરો બચશે, જેના કારણે મુસાફરોના સમય અને મુસાફરી ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થશે. દહેજમાં આવેલા વિવિધ ઔદ્યોગિક એકમોમાં જંબુસર તાલુકા અને આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો રોજગારી માટે અવરજવર કરે છે. નવા બ્રિજના કારણે દહેજ ઔદ્યોગિક વિસ્તાર સુધી પહોંચવાનું અંતર અને સમય ઘટતાં કામદારોને વિશેષ લાભ મળશે. ભવિષ્યમાં સ્થાનિક સ્તરે રોજગારી અને વેપાર-ધંધાની નવી તકો ઊભી થવાની પણ શક્યતા છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

### વરસાદી જળનો ભૂગર્ભ સંગ્રહ સંકટ સમયે કામ લાગતી 'એફડી' સમાન!

કુદરતની ભૂગર્ભ બેંકમાં જમા કરેલી વરસાદી પાણીની ફિક્સ ડિપોઝિટ આફત સ્વરુપે કામ આવવાની છે. આપણા દાદા,પરદાદાએ જળસ્રોતોનું જતન કરેલું તેનો લાભ સૌ મેળવી રહયા છીએ એ પરંપરા આગળ વધતી રહેવી જરુરી છે.

સૌ જાણે છે કે વરસાદએ પાણી મેળવવાનો એક માત્ર મૂલ્યવાન સ્રોત છે. લાખો વર્ષોથી ગોઠવાયેલા જળચક્ર સ્વરુપે પૃથ્વીવાસીઓને વરસાદનો પરસાદ મળતો રહે છે. પહેલા વરસાદની હેલીઓ રચાતી અને મુશળધાર પાણી વરસતું પરંતુ પાણી ભરાતા ન હતા. વરસાદી પાણી ભૂગર્ભમાં ઉતરે તેવી કુદરતી ચેનલોથી સરસ જળ નિકાલ થઇ જતો. પાતાળ પાણીથી ભરાયેલું રહેતું આથી જ તો ૧૫ થી ૨૦ ફૂટે પાણી ગાળવાથી મીઠું પાણી મળી રહેતું હતું. છેલ્લા કેટલાક વર્ષોથી જળવાયુ પરિવર્તનના લીધે વરસાદની પેટર્ન બદલાઇ રહી છે. ક્યાંક ઓછા સમયમાં એક સાથે વધારે વરસે છે તો ક્યાંક વરસાદની અછત પણ રહે છે. જળ વ્યવસ્થાપનની બીજી વક્રતા એ છે કે ચોમાસામાં પાણીથી બચાવોની બૂમો પાડતા સ્થળોએ ઉનાળા દરમિયાન પાણી આપો ના પોકારો ઉઠતા રહે છે. દરેક વ્યક્તિ પોતાની પાસે રહેલા નાણાનું આયોજન કરે છે, બેંકમાં વ્યહવારો કરે છે તેવી જ રીતે ભૂગર્ભ બેંકમાં પાણીની એફડી (ફિક્સ ડિપોઝિટ) કરવાની પણ કાળજી રાખવી જરુરી છે. ભૂગર્ભ બેંકમાં જમા કરેલી વરસાદી પાણીની ફિક્સ ડિપોઝિટ આફત સ્વરુપે કામ આવવાની છે. આપણા દાદા,પરદાદાએ જળસ્રોતોનું જતન કરેલું તેનો લાભ સૌ મેળવી રહયા છીએ એ પરંપરા આગળ વધતી રહેવી જરુરી છે. એચ ટુઓ તરીકે ઓળખાતું પાણી પ્રયોગશાળામાં પેદા કરી શકાતું નથી. તે આકાશમાંથી ફોરા સ્વરુપે મોટે ભાગે વર્ષમાં એક વાર વરસે છે તેને જ ઝીલી લેવાનું છે.

અતિ વૃષ્ટિ થાય ત્યારે ગ્રામીણ વિસ્તારોમાં વરસાદી પાણી ખેતરોના ઉભા પાકમાં ફેલાઇ છે. વધારાના વરસાદી પાણીનો ખેતરમાંથી નિકાલ કરવોએ ખેતી માટે પ્રાણ પ્રશ્ન બની ગયો છે. પાણી ખેતીની જમીનમાં વધારે સમય પડયું રહેતો પાકના મૂળ કોહવાઇ જવાથી પાક બળી જાય છે. ખરીફ સિઝન પાકોમાં એટલો વિલંબ ઉભો થાય છે કે કાંઇ ભલી વાર રહેતો નથી. એક પાક ધોવાઇ જાય ત્યાર પછી બીજો કયો પાક વાવવોએ મોટી મુંઝવણ બની જાય છે. કઠણાઇ તો એ છે કે દિવાળી પછી રવિપાકો અને ત્યાર પછી ઉનાળુ પાકોની વાવણી કરવાની થાય ત્યારે પાણી હોતું નથી. પાણી માટે બોરવેલ,કૂવા કે સ્થાનિક કેનાલોના પાણી પર નિર્ભર રહેવું પડે છે. ચોમાસામાં જળભરાવ અને ઉનાળામાં જળ તણાવ જાણે કે નિયતિ બની ગઇ છે.

આવી કટોકટીમાંથી બહાર આવવા માટે પાણીની ભૂગર્ભ બેંકમાં એફડી કરવી એ જ ઉપાય છે. નદી નાળાઓ થકી વહી જતા અમૂલ્ય પાણીને જમીનમાં ઉતારવાનો પ્રબંધ એ સમૃધ્ધ ખેતીનો જ એક ભાગ છે જે એમ કરવામાં નહી આવે તો અતિવૃષ્ટિ અને અછતના ચક્કરમાંથી બહાર આવી શકાશે નહી. પાતાળમાંથી જો પાણી ખેચ્યા જ કરીશું તો એક દિવસ પાતાળ ખાલી થવાનું એ નક્કી જ છે. પાતાળના ખૂબ ઉંડે શારકૂવા કરવાથી પાણી તો મળે છે પરંતુ અંદર રહેલા મિનરલ અને રાસાયણિક તત્વો પાણીની ગુણવત્તા બગાડે છે આથી પાણી માટે જમીનમાં ખૂબ ઉંડે જવું વ્યહવારુ પણ નથી. આમ જોવા જઇએ તો પૃથ્વી પર ઉપલબ્ધ પાણીમાંનું ૯૭ ટકા સમુદ્રમાં છે. ૨.૭ ટકા જેટલું જ પાણીનો જથ્થો જ વપરાશ માટે યોગ્ય છે. એમાં પણ નદીઓ,સરોવરો અને ભુગર્ભજળમાં રહેલો ૧ ટકા જ તાજા પાણીના જથ્થાનો જ ઉપયોગ કરી શકાય છે. ભારતમાં પીવાનું પાણી સૌથી વધુ ભૂગર્ભજળમાંથી જ મેળવવામાં આવે છે. નેશનલ સેમ્પલ સર્વેના એક ડેટામાં જણાવાયું હતું કે ભુગર્ભજળ દેશની લગભગ ૪૩ ગ્રામીણ વસ્તી માટે પીવાના પાણીનો આધારભૂત સ્રોત છે. દેશમાં દર પાંચ પરીવારમાંથી એક પરીવાર પાસે પાઇપથી મળતા પાણીનું જોડાણ છે. શહેરી વિસ્તારોની સરખામણીમાં ગ્રામ્ય વિસ્તારો પાઇપ દ્વારા મળતા પાણી વિતરણમાં પાછળ છે.

પીવાના પાણીની અછત કાયમી દૂર કરવા ભૂગર્ભ જળ સંચય અને વરસાદી જળનો સંગ્રહ જેવો ઉત્તમ ઉપાય બીજો એક પણ નથી. ગ્રામીણો પાસે છાપરાની છત, આંગણામાં ભૂગર્ભ ટાંકાની જગ્યા અને બીજી અનુકૂળતા હોય છે.

**ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે**

• ૫-સિટર • ૭-સિટર •





સંપર્ક- અનિલભાઈ મો.97242 60058

## પલસાણામાં ૧૨ મી કાવડ યાત્રા યોજાઈ: વાધેચાથી પલસાણા સુધી ૩૦ કિ.મી ખુલ્લા પગે ૧૫૫૦ ભાવિકો જોડાયા

પલસાણા (સુરત)- પલસાણાના સત સનાતન ગ્રૂપ દ્વારા શ્રાવણ માસના બીજા સોમવારે ૧૨ મી કાવડ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં ૧૫૫૦ થી વધુ ભાવિકો જોડાયા હતા, જેમણે વાધેચાથી પલસાણા સુધી ૩૦ કિલોમીટરની પદયાત્રા ખુલ્લા પગે કરી હતી. આ આયોજન દેશ-વતન છોડી ગુજરાતમાં સ્થાયી થયેલા લોકોમાં ભાઈચારો વધારવા અને વતનની પરંપરા જાળવી રાખવાના ઉદ્દેશ્યથી કરાયું હતું.

આ યાત્રાની શરૂઆત રવિવારે રાત્રે પલસાણાના આહિર સમાજ ભવન ખાતે ભજન-કીર્તનથી થઈ હતી. મધ્યરાત્રિએ ૧૨ વાગ્યા બાદ કાવડિયાઓ બારડોલી તાલુકાના વાધેચા ગામ તરફ રવાના થયા હતા.

સોમવારે સવારે ૭ વાગ્યે વાધેચા ખાતે તાપી નદીનું જળ કળશમાં ભરી કાવડ યાત્રા શરૂ કરવામાં આવી હતી. આ યાત્રા વાધેચાથી



પલસાણાના શ્રી રૂણમુક્તેશ્વર મહાદેવ મંદિર સુધી ૩૦ કિલોમીટરનો રસ્તો ખુલ્લા પગે ચાલીને પૂર્ણ કરવામાં આવ્યો હતો. ૩૫૦ મહિલાઓ સહિત ૧૦૦૦ કાવડિયાઓ અને ૨૫૧ સેવકો મળીને કુલ ૧૫૫૧થી વધુ ભાવિકોએ આ યાત્રામાં ભાગ લીધો હતો.

ડીજેની ધૂન સાથે ભક્તિભાવથી ભરપૂર આ યાત્રા પલસાણાના શ્રી રૂણમુક્તેશ્વર મહાદેવ મંદિરે પહોચી હતી. અહીં કાવડિયાઓએ ભગવાન ભોલેનાથનો જળાભિષેક કરી મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો.

**ચૂંટણીમાં મત અધિકાર છીનવાશે તો સુગર ફેક્ટરીને શેરડી નહી અપાય**

# ચલથાણ સુગર ચૂંટણીમાં મતાધિકાર છીનવાઇ જવા મુદ્દે સભાસદોનો ભારે રોષ, MDને રજૂઆત

બારડોલી- ચલથાણ સુગર ફેક્ટરીમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી પ્રક્રિયા તથા નિયમ ૪ (૩) હેઠળ કેટલાક સભાસદોના મતધિકાર અંગે વિવાદ સર્જાયો છે. મતધિકાર છીનવાઈ જવાના આક્ષેપને લઈને સભાસદોમાં ભારે અસંતોષ અને રોષ જોવા મળ્યો હતો.

આ મુદ્દે વાંઝના સભાસદ પરેશકુમાર પટેલના નેતૃત્વમાં સભાસદોના એક જૂથે MD વિપિન પાંડે સાથે મુલાકાત કરી હતી. સભાસદોએ ચૂંટણી પ્રક્રિયા પારદર્શક રીતે હાથ ધરવા તેમજ નિયમ ૪ (૩) હેઠળ મતધિકારથી વંચિત કરાયેલા સભાસદોના મતાધિકારને પુનઃસ્થાપિત કરવાની માગ સાથે રજૂઆત કરી હતી. સભાસદોએ સ્પષ્ટ જણાવ્યું હતું કે તેમનો મતાધિકાર પુનઃસ્થાપિત કરવામાં આવે અને ચૂંટણી પ્રક્રિયા નિયમો મુજબ પારદર્શક રીતે આગળ ધપાવવામાં આવે. જો મતાધિકારનો પ્રશ્ન ઉકેલવામાં નહીં આવે તો ફેક્ટરીને શેરડીનો પુરવઠો નહીં આપવાની ચીમકી પણ સભાસદોએ ઉચ્ચારી હતી.

આ ઉપરાંત, હાલમાં રોપાણ સિવાય આશરે ૧૫ હજાર એકર વિસ્તારમાં ઉભો શેરડીનો પાક હોવાનું જણાવી, સભાસદોએ આ પાક પણ ફેક્ટરીને ન આપવાના આક્રમક વલણની રજૂઆત કરી હતી.

સભાસદોની રજૂઆત અને રોષને ધ્યાનમાં લેતા MD વિપિન પાંડેએ બાંહેધરી આપી હતી કે આ સમગ્ર મામલે યોગ્ય નિર્ણય લઈને સભાસદોને જાણ કરવામાં આવશે. હવે ફેક્ટરી મેનેજમેન્ટ દ્વારા સભાસદોના મતાધિકાર અને ચૂંટણી પ્રક્રિયા અંગે શું નિર્ણય લેવામાં આવે છે તેના પર સૌની નજર મંડાઈ છે. ચલથાણ સુગર ફેક્ટરીની દૈનિક પિલાણ ક્ષમતા આશરે ૫,૦૦૦ ટન પ્રતિ દિવસ હોવાનું જણાવાઈ રહ્યું છે.

હાલ ઉપલબ્ધ શેરડીના જથ્થા અને પાકના ઉત્પાદન પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં પિલાણ સિઝન લાંબી ચાલે નહીં અને ફેક્ટરી વહેલી બંધ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. શેરડીના રોપણ બાદ પાકની સ્થિતિ, ઉત્પાદન, રોગ-જીવાતનો પ્રકોપ અને ફેક્ટરીને મળનારા શેરડીના જથ્થા પર આગામી પિલાણ સિઝનનો સમયગાળો નિર્ભર રહેશે.

ચલથાણ સુગર ફેક્ટરીમાં આગામી ૨૫ ઓગસ્ટથી શેરડીના રોપણની શરૂઆત થવાની છે ત્યારે હાલ ફેક્ટરી પાસે રોપણ, લામ અને નવી શેરડી મળીને આશરે ૧૪,૫૦૦ એકર જેટલો શેરડીનો વિસ્તાર ઉપલબ્ધ હોવાનું જાણવા મળે છે. આ ઉપલબ્ધ શેરડીમાંથી અંદાજે પોણા પાંચ લાખ ટન જેટલી શેરડીનું પિલાણ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

**ઉધનામાં ૧૫ વર્ષ જૂના ૭ વૃક્ષનું ગેરકાયદે છેદન**

## બિલ્ડિંગના નડતરરૂપ થતાં રાતોરાત કાપાયાનો આરોપ, પાલિકાએ રૂ.૯૦ હજારનો દંડ ફટકારી સંતોષ માન્યો



સુરત-સુરતના ઉધના વિસ્તારમાં જોગાણી માતાના મંદિરથી નવજીવન શોરૂમ તરફ જતા જાહેર માર્ગ પર આવેલા ૭ જેટલા મોટા અને ઘટાદાર વૃક્ષોને રાતોરાત કાપી નાખવાનો કિસ્સો સામે આવ્યો છે. નજીકની બિલ્ડિંગમાં નડતરરૂપ બનતા આ વૃક્ષોને પાલિકા કે વન વિભાગની મંજૂરી વિના કાપી નાખવામાં આવ્યા હતા. આ મામલે ઉધના ઝોનના અધિકારીઓએ માત્ર રૂ. ૯૦,૦૦૦ નો મામૂલી દંડ ફટકારીને કાર્યવાહી પૂર્ણ કરવાનો પ્રયાસ કરતાં સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સ્થાનિક લોકોના આક્ષેપો મુજબ, રસ્તાની નજીક આવેલી બિલ્ડિંગ માટે નડતરરૂપ બનતા ૧૦થી ૧૫ વર્ષ જુના ૭ જેટલા ઘટાદાર વૃક્ષો પર પરવાનગી વિના જ ક્રૂરતાપૂર્વક કુહાડી ચલાવી દેવામાં આવી હતી. પર્યાવરણને મોટા પાયે નુકસાન પહોચાડવા છતાં પાલિકાએ માત્ર દંડકીય કાર્યવાહી કરી સંતોષ માનતા લોકોમાં નારાજગી વ્યાપી છે.

આટલી મોટી બેદરકારી છતાં માત્ર દંડની સામાન્ય કાર્યવાહી કેમ કરાઈ તે અંગે ડેપ્યુટી કમિશનર મીના ગજ્જરનો સંપર્ક કરતા તેમણે બનાવ અંગે અજાણ હોવાનું જણાવ્યું હતું. તેમણે સમગ્ર ઘટનાની વિગતો મેળવી, વૃક્ષો કોના કહેવાથી કપાયા તેની યોગ્ય તપાસ કરીને કાયદેસરની કાર્યવાહી કરવાની ખાતરી આપી છે.

## સાબરકાંઠા: ખેરોજ નજીક સાબરમતી નદીમાં નહાવા પડેલા બે યુવકો ડૂબ્યા, બંનેના મૃતદેહ આજે બહાર કઢાયા



ખેડબ્રહ્માના ખેરોજ નજીક સાબરમતી નદીમાં સોમવારે સાંજે નહાવા પડેલા ઉંબોરા ગામના ૨૪ વર્ષીય દિનેશ પરમાર અને ૨૫ વર્ષીય રાહુલ પરમાર નામના બે યુવકો ડૂબી ગયા હતા. મંગળવારે સવારે ફાયર વિભાગ અને સ્થાનિક તંત્રની શોધખોળ બાદ બંનેના મૃતદેહ મળી આવ્યા હતા. ખેરોજ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના ખેરોજ નજીક સાબરમતી નદીમાં નહાવા પડેલા બે યુવકોના ડૂબી જવાથી મોત નીપજ્યા છે. આ ઘટના સોમવારે (૨૪ મી ઓગસ્ટ) સાંજે બની હતી. સ્થાનિક વહીવટી તંત્ર અને ફાયર વિભાગ દ્વારા હાથ ધરાયેલી શોધખોળ બાદ મંગળવારે (૨૫મી ઓગસ્ટ) બંને યુવકોના મૃતદેહ નદીમાંથી મળી આવ્યા હતા.

મળતી માહિતી અનુસાર, સોમવારે સાંજે ઉંબોરા ગામના ૨૪ વર્ષીય દિનેશ પરમાર અને ૨૫ વર્ષીય રાહુલ પરમાર ખેરોજ નજીક આવેલી સાબરમતી નદીમાં નહાવા પડ્યા હતા. આ દરમિયાન બંને ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. બનાવ અંગે સ્થાનિક લોકોએ જાણ કરતા તાલુકા વહીવટી તંત્ર અને ખેડબ્રહ્મા નગરપાલિકાની ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને શોધખોળ શરૂ કરી હતી. મંગળવારે સવારે બંનેના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. ખેરોજ પોલીસે મૃતદેહોનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## અમરેલી: ચાંપથળ ગામે શેત્રુંજી નદીમાંથી બેફામ ગેરકાયદે ખનીજ ચોરી, ગ્રામજનોએ કલેક્ટર કચેરીમાં રામધૂન બોલાવી



અમરેલીના ચાંપથળ ગામે શેત્રુંજી નદીમાંથી ગેરકાયદે રેતી ચોરી સામે ગ્રામજનોમાં રોષ ભભૂક્યો છે. તંત્રની ઉદાસીનતાથી કંટાળી મહિલાઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનોએ કલેક્ટર કચેરી અને ખાણ-ખનીજ વિભાગમાં રામધૂન બોલાવી વિરોધ નોંધાવ્યો. આવેદનપત્ર પાઠવી ૭ દિવસમાં ચોરી અટકાવવાની માંગ કરી, અન્યથા ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

અમરેલી તાલુકાના ચાંપથળ ગામે શેત્રુંજી નદીમાંથી થઈ રહેલી ગેરકાયદે ખનીજ ચોરીને પગલે સ્થાનિક ગ્રામજનોમાં ભારે રોષ વ્યાપ્યો છે. શેત્રુંજી નદીમાંથી દિવસ-રાત મોટા પાયે રેતી ચોરી થઈ રહી હોવા છતાં જવાબદાર તંત્ર દ્વારા કોઈ અસરકારક પગલાં લેવામાં આવતા ન હોવાનો ગંભીર આરોપ સ્થાનિકોએ લગાવ્યો છે. તંત્રના ઉપેક્ષાભર્યા વલણથી કંટાળીને ચાંપથળ ગામની મહિલાઓ સહિત સ્થાનિકો મોટી સંખ્યામાં અમરેલી કલેક્ટર કચેરી તેમજ ખાણ અને ખનીજ વિભાગની કચેરીએ પહોચ્યા

## છોટી કાશી જામનગરમાં શ્રાવણ માસના બીજા સોમવારે અનેક શિવાલયોમાં હર હર મહાદેવનો નાદ



જામનગર: 'છોટી કાશી' જામનગરમાં શ્રાવણ માસના બીજા સોમવારે શિવભક્તિનો અનેરો માહોલ છવાયો હતો. શહેરના વિવિધ શિવાલયોમાં વહેલી સવારથી જ ભાવિકો ઉમટી પડ્યા હતા અને દર્શન માટે કતારો લાગી હતી. ભક્તોએ જળાભિષેક, બિલિપત્ર અર્પણ કરી 'હર હર મહાદેવ'ના નાદથી વાતાવરણ ગુંજવી દીધું હતું. મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા જાળવાઈ હતી અને પોલીસ બંદોબસ્ત પણ ગોઠવાયો હતો.

છોટી કાશી તરીકે પ્રખ્યાત અને નાના-મોટા અનેક શિવાલયોથી શોભતા (નવાનગર) જામનગરમાં પવિત્ર શ્રાવણ માસના બીજા સોમવારે શિવભક્તિનો માહોલ છવાઈ ગયો હતો. વહેલી સવારથી જ શહેરના વિવિધ શિવાલયોમાં ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને અનેક સ્થળોએ દર્શન માટે કતારો જોવા મળી હતી. સમગ્ર વાતાવરણ હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યું હતું.

શ્રાવણ માસના બીજા સોમવારે શિવભક્તોએ વહેલી સવારથી જ ભગવાન ભોળાનાથના દર્શન કરી બિલિપત્ર અર્પણ કર્યા હતા. અનેક ભક્તોએ જલાભિષેક અને રુદ્રાભિષેક સહિતની પૂજા-અર્ચના કરી ભગવાન શિવને રીઝવવા પ્રાર્થના કરી હતી.

જામનગરના પુરાણપ્રસિદ્ધ સિદ્ધનાથ મહાદેવ મંદિર, નગરની મધ્યમાં આવેલા સુપ્રસિદ્ધ ભીડભંજન મહાદેવ મંદિર, કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર, નાગેશ્વર મહાદેવ મંદિર, નીલકંઠ મહાદેવ મંદિર, વૈજનાથ મહાદેવ મંદિર, પ્રતાપેશ્વર મહાદેવ મંદિર, નર્મદેશ્વર મહાદેવ મંદિર, તેમજ જળેશ્વર મહાદેવ મંદિર, સુખનાથ મહાદેવ મંદિર અને મણીકંકેશ્વર મહાદેવ મંદિર સહિતના શિવાલયોમાં વહેલી સવારથી જ ભક્તોની અવરજવર શરૂ થઈ ગઈ હતી.

શિવાલયોમાં પહોચેલા ભાવિકોએ શિવલિંગ પર જળાભિષેક કરી, બિલ્વપત્ર અને અન્ય પૂજા સામગ્રી અર્પણ કરી દર્શનનો લ્હાવો લીધો હતો. શ્રાવણ માસના બીજા સોમવારને લઈને અનેક શિવ મંદિરોમાં વિશેષ ધાર્મિક માહોલ જોવા મળ્યો હતો.

દરમિયાન, વર્તમાન સમયમાં કોલેરા અને ચાંદીપુરા સહિતના ગચાળાની સ્થિતિને ધ્યાનમાં રાખીને જામનગર મહાનગરપાલિકાના સફાઈ તંત્ર દ્વારા શહેરના વિવિધ શિવાલયોના આસપાસના વિસ્તારોમાં તકેદારીપૂર્વક સફાઈ કામગીરી કરવામાં આવી રહી હતી. ભક્તોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે મંદિર પરિસરોની સ્વચ્છતા જાળવવા પણ ખાસ કાળજી લેવામાં આવી હતી.

શહેરમાં મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે ઉમટતા હોવાથી પોલીસ વિભાગ અને હોમગાર્ડના જવાનોને વિવિધ શિવાલયોના દ્વારે બંદોબસ્તમાં તૈનાત કરવામાં આવ્યા હતા. જ્યારે મુખ્ય માર્ગો પર ટ્રાફિકની સમસ્યા ન સર્જાય અને વાહન વ્યવહાર સરળ રહે તે માટે શિવમંદિરોની આસપાસ ટ્રાફિક પોલીસના જવાનોને પણ ફરજ પર મૂકવામાં આવ્યા હતા.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# શ્રી શાંતારામ ભટ ઇંગ્લિશ મિડિયમ સ્કૂલ મોતા ખાતે કવિ વીરનર્મદની જન્મ જયંતિની ઉજવણી





**બારડોલી-** ગુજરાતી સાહિત્યના મહાન કવિ, લેખક અને સમાજસુધારક વીર નર્મદને યાદ કરવા માટે એક સુંદર કવિતા પઠન અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધોરણ ૬ અને ૭ ના બાળકોએ હોશભેર ભાગ લઈને કાર્યક્રમ ને દીપાવ્યો હતો.

નર્મદ માત્ર કવિ જ નહોતા, તેઓ ગુજરાતી ભાષા અને ગુજરાતની અસ્મિતાના પ્રખર પ્રહરી હતા. તેમની કલમે ગુજરાતના ગૌરવને શબ્દો આપ્યા અને ગુજરાતી સાહિત્યને નવી દિશા આપી.

આજની સ્પર્ધાનો મુખ્ય હેતુ માત્ર કવિતા રજૂ કરવાનો કે વક્તૃત્વનો નથી, પરંતુ વિદ્યાર્થીઓમાં ગુજરાતી ભાષા પ્રત્યે પ્રેમ, આત્મવિશ્વાસ, વાચનકૌશલ્ય અને અભિવ્યક્તિની કળા વિકસાવવાનો હતો. આ કાર્યક્રમ બદલ શાળાના આચાર્યા શ્રીમતી દીપિકા બહેન પટેલ તેમજ કેળવણી મંડળ ના સભ્યો એ બાળકોને અભિનંદન પાઠવ્યા.

# કડોદરા GIDC પોલીસનો જુગારધામ પર દરોડોઃ વરેલીમાંથી ૫ જુગારી ૧.૪૩ લાખના મુદ્દામાલ સાથે ઝડપાયા

કડોદરા GIDC પોલીસે વરેલી વિસ્તારમાં જુગારધામ પર દરોડો પાડી પાંચ જુગારીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે તેમની પાસેથી કુલ રૂપિયા ૧.૪૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કાર્યવાહી સુરત જિલ્લામાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને જુગારને ડામવા માટે પોલીસ મહાનિરીક્ષક અને પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.

પોલીસ ઇન્સ્પેક્ટર વી.એ. દેસાઇના નેતૃત્વ હેઠળ કડોદરા GIDC પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન તેમને વરેલી ગામમાં આવેલા ક્રિષ્ણા પેલેસ બિલ્ડિંગના બીજા માળે આવેલી ગેલેરીમાં જાહેરમાં જુગાર રમાતો હોવાની ચોક્કસ બાતમી મળી હતી. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક સ્થળ પર દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન પોલીસે જુગાર રમી રહેલા પાંચ ઇસમોને રંગેહાથ ઝડપી પાડ્યા હતા.



ઝડપાયેલા આરોપીઓમાં શીવકુમાર ભોલા શા (ઉ.વ.૨૮, રહે. ક્રિષ્ણા પેલેસ, વરેલી), વિશાલકુમાર નરેન્દ્રસીગ રાજપુત (ઉ.વ.૩૦, રહે. પાયલ પાર્ક, વરેલી), સંતોષ રામસેવક વર્મા (ઉ.વ.૪૨, રહે. જલારામ નગર, ચલથાણ), ચંદન જગનારાયણ શા (ઉ.વ.૩૬, રહે. અંબીકા હોટલની પાછળ, વરેલી) અને શ્રીકાંત દોગોવીદ રાઉત (ઉ.વ.૨૬, રહે. બાલાજી નગર, કડોદરા) નો સમાવેશ થાય છે.

પોલીસે દાવ પરના રૂપિયા ૧૨,૦૦૦, અંગ ઝડતીના રૂપિયા ૧,૧૫૦, ચાર મોબાઇલ ફોન (કિંમત રૂપિયા ૨૧,૦૦૦૦), બે મોપેડ વાહન (કિંમત રૂપિયા ૧,૧૦,૦૦૦) અને ગંજીપાના સહિતનો અન્ય જુગારનો સાહિત્ય જપ્ત કર્યો હતો. આમ, પોલીસે કુલ રૂપિયા ૧,૪૩,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પકડાયેલા તમામ આરોપીઓ વિરુદ્ધ કડોદરા જી. આઇ. ડી. સી. પોલીસ સ્ટેશન ખાતે જુગાર ધારા કલમ ૧૨ હેઠળ ગુનો નોંધી કાયદેસરની વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ઘરમાં એકલી યુવતીના હાથ બાંધી માથા પર થેલી પહેરાવી હત્યા

# માંડવીમાં ચાર્જિંગ કેબલથી ગળું દબાવી લાશને ઘાબા પર સંતાડી લૂંટ કરી; માતા-પિતા ધાર્મિક યાત્રાએ ગયા હતા

માંડવી-સુરત જિલ્લાના માંડવીના ગોદાવાડી ગામે લૂંટ વિથ મર્ડરની ઘટના બની છે. ગોદાવાડી ગામે વાસુદેવ પટેલ અને એમના પત્ની બે દિવસથી ધાર્મિક યાત્રાએ ગયા હતા અને ઘરમાં યુવતી નિધિકુમારી એકલી હતી. ત્યારે ગઇકાલે (૨૩ ઓગસ્ટ) રાત્રે લૂંટારાઓએ ઘરમાં ઘૂસી કાળી પટ્ટીથી યુવતીના હાથ બાંધી માથા પર પ્લાસ્ટિકની થેલી પહેરાવી ચાર્જિંગ કેબલના વાયરથી યુવતીનું ગળું દબાવી હત્યા કરી દીધી હતી. લાશને ધાબા પર સંતાડી લાખો રૂપિયાની મત્તા લઈને લૂંટારુઓ ફરાર થઈ ગયા હતા.





આરોપીઓએ પતરાના કબાટમાંથી સોનાની ચેઇન, વીંટી, બ્રેસલેટ, રોકડ રૂપિયા ૩૫ હજાર, ચાંદીના સાકળા તેમજ યુવતીનો મોબાઇલ ફોન મળી કુલ રૂ. ૨ લાખ ૫૨ હજારની મત્તા લૂંટી લીધી હતી. સુરત જિલ્લા SP રાજેશ ગઢિયાએ જણાવ્યું કે, યુવતીના માતા-પિતા ગઇકાલે રાત્રે સાડા ત્રણ વાગ્યે પરત આવ્યા હતા. ત્યારે ઘરમાં એમની દીકરી જોવા ન મળતા તેઓએ શોધખોળ શરૂ કરી હતી. તે દરમિયાન દીકરી મૃત હાલતમાં મળી હતી.

# કીમ પાસે ડમ્પરનું ટાયર ફાટ્યું, ડિવાઈડર કૂદી સાઈડમાં ઉતર્યું, ચાલક-ક્લીનરનો આબાદ બચાવ

ઓલપાડ, માંગરોળ- સુરત જિલ્લાના કીમ ચાર રસ્તા પાસે નેશનલ હાઈવે નંબર-૪૮ પર ગત રાત્રે ભારેખમ ડમ્પરનું ટાયર ફાટતા ચાલકે સ્ટેયરિંગપરથી કાબૂ ગુમાવ્યો હતો. જેથી અકસ્માત થયો હતો. જોકે, સદનસીબે ડમ્પર ચાલક અને ક્લીનરનો આબાદ બચાવ થયો હતો.



**ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવી દીધો હતો. અનિયંત્રિત બનેલું ડમ્પર રોડ પરના ડિવાઈડરને કૂદીને હાઈવેની સાઈડમાં ઉતરી ગયું**

કીમ ચાર રસ્તા નજીક આવેલી હોટેલ પાસેથી પસાર થઈ રહેલા ડમ્પરનું અચાનક ટાયર ફાટી ગયું હતું. જેના કારણે ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવી દીધો હતો. અનિયંત્રિત બનેલું ડમ્પર રોડ પરના ડિવાઈડરને કૂદીને હાઈવેની સાઈડમાં ઉતરી ગયું હતું. આ ઘટનાને પગલે હાઈવે પર થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને આસપાસના રાહદારીઓ તેમજ સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સદનસીબે આ અકસ્માતમાં ડમ્પર ચાલક અને ક્લીનરને કોઈપણ પ્રકારની ગંભીર ઈજાઓ પહોચી ન હતી. બનાવને પગલે ટ્રાફિક વ્યવસ્થા જાળવવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી.

# સુરતના ભાગળથી વરાછા સુધી માવા વિક્રેતાઓને ત્યાં પાલિકાના દરોડા : સેમ્પલ લઈ લેબોરેટરીમાં મોકલાયા

વરાછાની શીતલ રેસ્ટોરન્ટમાં ફૂડ પોઈઝનિંગની ગંભીર ઘટના બાદ હરકતમાં આવેલું સુરત પાલિકાનું આરોગ્ય તંત્ર હવે આગામી રક્ષાબંધનના તહેવારને પગલે માવાની ગુણવત્તા અંગે પણ સતર્ક બન્યું છે. તહેવારો દરમિયાન માવા અને માવામાંથી બનતી મીઠાઈઓની માંગ વધતી હોવાથી ભેળસેળ કે અખાદ્ય માવાનો વેપાર ન થાય તે માટે આરોગ્ય વિભાગે સોમવારે સવારથી જ શહેરભરમાં માવા વિક્રેતાઓને ત્યાં તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

ભાગળથી લઈને વરાછા, રાંદેર, ઉન અને કતારગામ સહિતના વિસ્તારોમાં ૧૨ ટીમોએ એકસાથે તપાસ હાથ ધરી હતી. બપોર સુધીમાં ૧૫ માવાના સેમ્પલ લેવામાં આવી લેબોરેટરીમાં પૃથ્થકરણ માટે મોકલવામાં આવ્યા છે. રક્ષાબંધનના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે મીઠાઈની દુકાનો અને માવાના વેપારીઓમાં વેચાણમાં વધારો થવાની શક્યતા છે. તહેવારની મોસમમાં માવાની માંગ વધતી હોવાથી તેની ગુણવત્તા સામે પણ સવાલો ઊભા થતા હોય છે. ખાસ કરીને ભેળસેળયુક્ત અથવા લાંબા સમયથી સંગ્રહ કરાયેલો માવો મીઠાઈ બનાવવામાં ઉપયોગમાં લેવાય નહીં તે માટે આરોગ્ય વિભાગે સેમ્પલિંગની કામગીરી હાથ ધરી છે. આરોગ્ય વિભાગની ટીમોએ શહેરના વિવિધ વિસ્તારોમાં માવાનું વેચાણ કરતા એકમો પર પહોંચી માવાની ગુણવત્તા, સંગ્રહ કરવાની પદ્ધતિ તેમજ ખાદ્ય સુરક્ષાને લગતા જરૂરી માપદંડોની ચકાસણી કરી હતી. તપાસ દરમિયાન શંકાસ્પદ જણાયેલા માવાના સેમ્પલ લેવામાં આવ્યા હતા.



આ સેમ્પલોને લેબોરેટરીમાં પૃથ્થકરણ માટે મોકલવામાં આવ્યા છે અને હવે તેના રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. સોમવારે બપોર સુધીમાં ભાગળ, રાંદેર, ઉન, કતારગામ, વરાછા સહિતના વિસ્તારોમાંથી કુલ ૧૫ સેમ્પલ લેવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. આરોગ્ય વિભાગે માવાના વેપારીઓને ખાદ્ય સુરક્ષાના નિયમોનું પાલન કરવા અને ગ્રાહકોના આરોગ્ય સાથે ચેડાં ન થાય તેની તકેદારી રાખવા માટે પણ સૂચના આપી છે. હાલમાં લેવામાં આવેલા ૧૫ સેમ્પલ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. લેબોરેટરી રિપોર્ટમાં માવામાં ભેળસેળ, ગુણવત્તામાં ખામી અથવા ખાદ્ય સુરક્ષાના નિયમોનો ભંગ સામે આવશે તો સંબંધિત વેપારી કે એકમ સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

ANILDARBAR
Mo: 97242 60058

DHARMESH PATEL
Mo: 99250 47272

વી. એસ. ચીકન કોર્નર
ચિકન, મટન, ફીસ, ઝીંગા તેમજ ઇંડાની દરેક આઇટમ મળશે...



મુ. પો. સેવણી, પેટ્રોલ પંપની બાજુમાં,
તા. કામરેજ, જી. સુરત

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

દુકાન ભાડે આપવાની છે...
શાસ્ત્રી રોડ તથા ગાંધી રોડ પર

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, ટારગેટ મોલ નજીક, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...

આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. (Social media)